# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 23-09-2024 Morning : 7.45 to 7.55
Day : Monday National News

## આકાશવાણી સમાચાર **નીકિતા શાહ** વાંચે છે.

*****************************************************

- પ્રધાનમંત્રી મોદીએ અમેરિકામાં બોસ્ટન અને લોસ એન્જલસમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસ ખોલવાની જાહેરાત કરી
- ભારતમાં સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટ સ્થાપવા માટે ભારત-અમેરિકા વચ્ચે સૌ પ્રથમ વાર જોડાણ
- કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી પિયુષ ગોયલ ભારત-ઓસ્ટ્રેલિયા સંયુક્ત મંત્રી સ્તરીય આયોગની બેઠકમાં ભાગ લેવા આજથી ઓસ્ટ્રેલિયાની મુલાકાતે
- જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કાનો પ્રચાર આજે સમાપ્ત થશે.
- હંગેરીના બુડાપેસ્ટમાં રમાયેલી 2024 ચેસ ઓલિમ્પિયાડમાં ભારતે બે સુવર્ણ ચંદ્રક જીતી ઇતિહાસ રચ્યો
- *****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM CONSULATE AND DIASPORA

પ્રધાનમંત્રી મોદીએ અમેરિકામાં બોસ્ટન અને લોસએન્જલસમાં બે નવા ભારતીય વાણિજ્ય દૂતાવાસ ખોલવાની જાહેરાત કરી હતી. ભારત હાલમાં ન્યુયોર્ક, એટલાન્ટા, શિકાગો, હ્યુસ્ટન, સાન ફ્રાન્સિસ્કો અને સિએટલમાં છ કોન્સ્યુલેટ ધરાવે છે. પ્રધાનમંત્રીએ હ્યુસ્ટન યુનિવર્સિટીમાં તમિલ અભ્યાસની તિરુવલ્લુવર ચેર ખોલવાની પણ જાહેરાત કરી હતી. કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ આ કાર્યક્રમમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો પુષ્પ મંત્ર આપ્યો હતો. તેમણે કહ્યું, આ પાંચ સ્તંભો મળીને વિક્સિત ભારતનું નિર્માણ કરશે.

શ્રી મોદીએ કહ્યું, P નો અર્થ પ્રગતિશીલ ભારત, U નો અર્થ અણનમ ભારત, S નો અર્થ આધ્યાત્મિક ભારત, H નો અર્થ માનવતા પ્રથમ ભારત, અને P નો અર્થ સમૃદ્ધ ભારત.  પ્રધાનમંત્રીએ ન્યૂયોર્કના લોંગ આઇલેન્ડમાં નાસાઉ કોલિઝિયમમાં એક કાર્યક્રમમાં ભારતીય સમુદાયના એક વિશાળ જનમેદનીને સંબોધિત જણાવ્યું હતું કે, વિશ્વ માટે, AI એ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો અર્થ છે, પરંતુ તેઓ માને છે કે AI અમેરિકન-ભારતીય ભાવનાનું પણ પ્રતિનિધિત્વ કરે છે. તેમણે કહ્યું કે,  અહીં વસતા મુળ ભારતીયોએ અમેરિકાને ભારત અને ભારતને અમેરિકા સાથે જોડ્યું છે અને તેમની કુશળતા અને પ્રતિભા બેજોડ છે. ભારત-અમેરિકાનાં દ્વિપક્ષીય સંબંધોમાં પ્રવાસી ભારતીયોની ભૂમિકાની પ્રશંસા કરતાં પ્રધાનમંત્રીએ આ મુજબ જણાવ્યું...

(PM Byte.. )

# INDIA - US SEMICONDUCTORS

ભારતમાં નવો સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટ સ્થાપવા માટે ભારત-અમેરિકા વચ્ચે સૌ પ્રથમ વાર જોડાણ કરવામાં આવ્યું છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે, સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટમાં રાષ્ટ્રીય સલામતી, નવી પેઢીની દૂરસંચાર વ્યવસ્થા અને હરિત ઊર્જા માટે એડવાન્સ સેન્સિંગ અને પાવર ઇલેક્ટ્રોનિક્સ પર ભાર મૂકવામાં આવ્યો છે.

આકાશવાણીના પ્રતિનિધિ જણાવે છે કે આ અમેરિકન લશ્કરે ઉચ્ચ મૂલ્ય ધરાવતી આ ટેકનોલોજી માટે ભારત સાથે સૌ પ્રથમ વાર ટેકનોલોજી ભાગીદારી કરી છે. આ ફેબ પ્લાન્ટ માત્ર ભારત જ નહીં પણ સમગ્ર વિશ્વનો રાષ્ટ્રીય સલામતી માટેનો પ્રથમ મલ્ટી મટિરિયલ ફેબ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકન પ્રમુખ જો બાઇડેને તેમની દ્વિપક્ષીય બેઠક દરમિયાન આ મહત્વાકાંક્ષી અને ઐતિહાસિક જોડાણને આવકાર્યું હતું.

# GOYAL - AUSTRALIAVISIT

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી પિયુષ ગોયલ 19મી ભારત-ઓસ્ટ્રેલિયા સંયુક્ત મંત્રી સ્તરીય આયોગની બેઠકમાં ભાગ લેવા માટે આજથી ઓસ્ટ્રેલિયાની મુલાકાત લેશે. શ્રી ગોયલ બુધવારે ઓસ્ટ્રેલિયાના વેપાર અને પર્યટન મંત્રી ડોન ફેરેલ સાથે બેઠકની સહ અધ્યક્ષતા કરશે. બેઠક દરમિયાન, બંને દેશો દ્વિપક્ષીય આર્થિક જોડાણને વધુ વધારવાના ઉપાયો પર ચર્ચા કરશે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે, આ મુલાકાત ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના મજબૂત અને વધતા વેપાર અને રોકાણ સંબંધોને વધુ વેગ આપશે. તે બિઝનેસ-ટુ-બિઝનેસ જોડાણને પ્રોત્સાહિત કરશે અને મહત્વપૂર્ણ ખનિજો, ઉત્પાદન, શિક્ષણ, પુનઃપ્રાપ્ય ઊર્જા, પ્રવાસન અને અવકાશ સહિત બંને પક્ષો માટે પ્રાથમિકતાના ક્ષેત્રોમાં વ્યૂહાત્મક ભાગીદારીને પ્રોત્સાહન આપશે.

ત્રણ દિવસની મુલાકાત દરમિયાન શ્રી ગોયલ આવતીકાલે ઇન્ડો-પેસિફિક ઇકોનોમિક ફ્રેમવર્ક બેઠકમાં પણ વર્ચ્યુઅલ રીતે જોડાશે. કેન્દ્રીય મંત્રી ભારતમાં રોકાણ માટેની વિશાળ તકોને ચકાસવા માટે ઓસ્ટ્રેલિયન અને ભારતીય સીઈઓ, ઉદ્યોગના અગ્રણીઓ અને ઓસ્ટ્રેલિયન પેન્શન ફંડના પ્રતિનિધિઓ સાથે પણ વાતચીત કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરી શકો છો...

. . . . . . . . . . . . . . .

# MODI GOVT. 100 DAYS.AGRI…

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં ત્રીજા કાર્યકાળનાં પ્રથમ 100 દિવસમાં કૃષિ ક્ષેત્ર માટે અનેક પગલાં લેવામાં આવ્યા છે. પીએમ કિસાન નિધિના 17મા હપ્તા હેઠળ 9 કરોડ 30 લાખ ખેડૂતોને 20 હજાર કરોડ રૂપિયાનું વિતરણ કરવામાં આવ્યું. ખેડૂતોને તેમની પેદાશની યોગ્ય કિંમત મળી રહે તે માટે વર્ષ 2024-25નાં ખરીફ પાક માટે લઘુત ટેકાનાં ભાવ-MSPમાં વધારો કરવામાં આવ્યો છે, જેનું મૂલ્ય બે લાખ કરોડ રૂપિયા છે.

ખેડૂતોનાં જીવન ધોરણમાં સુધારો કરવા સાત યોજનાઓમાં 14 હજાર 200 કરોડ ફાળવવામાં આવ્યા છે. જળવાયુ પરિવર્તિનને કારણે હવામાનની પેટર્ન અનિશ્ચિત બની હોવાથી બે હજાર કરોડ રૂપિયાનાં ખર્ચ સાથે મિશન મોસમ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે આને કારણે હવામાન આગાહીની ક્ષમતા મજબૂત બનશે. સિંચાઇની ક્ષમતા વધારવા માટે પોલાવરમ સિંચાઈ યોજના માટે 12 હજાર 100 કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે.

# J&K- CAMPAIGNING

જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કાનો પ્રચાર આજે સમાપ્ત થશે. પાંચ જિલ્લાની 26 વિધાનસભા બેઠક પર બીજા તબક્કામાં 25 સપ્ટેમ્બરે મતદાન થશે.

આ જિલ્લાઓમાં જમ્મુ ક્ષેત્રમાં રિયાસી, રાજૌરી અને પૂંચ અને કાશ્મીર ખીણમાં શ્રીનગર અને બડગામનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણી ત્રણ તબક્કામાં યોજાઈ રહી છે. 8મી ઓક્ટોબરે મતગણતરી હાથ ધરાશે.

# IRCTC BADRI KEDARTRAIN

ભારતીય રેલવે IRCTC અને ઉત્તરાખંડ પર્યટન વિકાસ નિગમનાં સહયોગથી કેદારનાથ, બદ્રીનાથ સહિતનાં યાત્રાધામો માટે ભારત ગૌરવ ટ્રેન શરૂ કરશે. ભારત ગૌરવ માનસખંડ એક્સપ્રેસ દ્વારા બદ્રી-કેદાર-કાર્તિક સ્વામી યાત્રા 10 રાત્રિ અને 11 દિવસનું પેકેજ છે, જેમાં ઋષિકેશ, રુદ્રપ્રયાગ, ગુપ્ત કાશી, કેદારનાથ, કાર્તિક સ્વામી મંદિર, જ્યોતિર્મઠ અને બદ્રીનાથને આવરી લેવામાં આવશે.

યાત્રાનો પ્રારંભ 3 ઓક્ટોબરે બપોરે બે વાગે મુંબઇનાં CSMT થી થશે અને 13 ઓક્ટોબરે સવારે 11 વાગે પરત ફરશે. પ્રવાસીઓ કલ્યાણ, પૂણે, દૌંડ, મનમાડ, ભુસાવળ, ખંડવા, ઈટારસી ,ભોપાલ, બીના, વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી, ગ્વાલિયર, આગ્રા કેન્ટ, હઝરત નિઝામુદ્દીન અને હરિદ્વારથી બેસી અને ઉતરી શકશે.

# FINAL CHESS OLYMPIAD-GOLD

હંગેરીના બુડાપેસ્ટમાં રમાયેલી 2024 ચેસ ઓલિમ્પિયાડમાં ભારતે ઐતિહાસિક બે સુવર્ણ ચંદ્રક જીત્યા છે. પુરૂષ અને મહિલાબંને ટીમો ટોચ પર રહી છે. પુરુષોનાં વર્ગમાં અર્જુન એરિગૈસીએ સ્લોવેનિયાનાં જેનસુબેલ્જને હરાવ્યા હતા, જ્યારે મહિલા વર્ગની ફાઇનલમાં મહિલા ટીમે આઝરબૈજાનને હરાવીને સુવર્ણચંદ્રક મેળવ્યો હતો. પ્રધાનમંત્રીએ આ ઐતિહાસિક સિદ્ધિ બદલ ભારતીય ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે.

## હવે આજના અખબારોના મુખ્યસમાચારો રજૂ કરે છે

## મારા સહયોગી હર્ષલ પંડ્યા

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અમેરિકાની મુલાકાતનાં સમાચારને મોટાં ભાગનાં અખબારોએ પ્રથમ પાને હેડલાઇન બનાવી છે.

2) સંદેશનું શિર્ષક છે- ક્વાડ સમિટમાં મોદીએ કહ્યું- અમે શાંતિનાં ચાહક.

3) તો નવગુજરાત સમયનું હેડીંગ છે- હવે તો નમસ્તે પણ મલ્ટીનેશનલ બની ગયુઃપીએમ મોદી

4) રાજસ્થાન પત્રિકાએ પણ આ સમાચારને હેડલાઇન બનાવતા લખ્યું છે- ભારત ઔર અમરિકા કે બીચ ડ્રોન સે સેમિકન્ડક્ટર તક પર સહમતિ

5) દિવ્ય ભાસ્કરે પ્રથમ પાને એક વિશેષ અહેવાલમાં લખ્યું છે કે ટોલ ટેક્સમાં પણ ચૂંટણી, મહારાષ્ટ્રમાં ન વધાર્યો, ગુજરાતમાં 40થી 90 ટકા વધાર્યો

6) ગુજરાત સમાચારની હેડલાઇન છે- ચેસ ઓલિમ્પિયાડમાં ઐતિહાસિક સિધ્ધિઃ ભારતે ડબલ ગોલ્ડ જીત્યું

7) આ ઉપરાંત બાંગલાદેશ સામે પ્રથમ ટેસ્ટમાં ભારતનાં ભવ્ય વિજયનાં સમાચારને તમામ અખબારોએ પ્રથમ પાને સ્થાન આપ્યું છે.